પ્રાપ્તિ તારીખ :૨૩/૧૧/૧૭

દાખલ તારીખ :૨૩/૧૧/૧૭

ફેંસલ તારીખ : ૨૦/૦૨/૧૮

<u>સમય : વર્ષ માસ દિવસ</u>

૦૦–૦૨–૨૭.

**કપડવંજના મહે. એડીશનલ જયુડી.મેજી.ફ.ક. સાહેબની કોર્ટમાં,**

**મુ.કપડવંજ.**

---

ક્રિ.કેસ નં.૨૧૪૦/૧૭.

આંક : ૧૦.

ફરિયાદી : સ ર કા ર

વિ.

આરોપી : મહંમદમીયાં નીજામુમીયાં મલેક.

રહે.કપડવંજ તા.કપડવંજ,

જી.ખેડા.

---

ગુન્હોઃ– ઈ.પી.કોડ કલમ–૨૮૩ તથાજી.પી.એકટ કલમ–૧૦૨,૧૧૭ મુજબ.

---

ફરિયાદી તરફે એ.પી.પી.શ્રી કે.એ.સુથાર.

આરોપી તરફે વકીલશ્રી એમ.એ.કારીગર.

---

–: ચુકાદો :–

(૧) ફરિયાદ પક્ષના કેસની ટૂંકમાં હકિકત એવી છે કે, આ કામના આરોપીએ તા.૩૦/૦૯/૧૭ના રોજ ૧૮/૧૫ કલાકે કપડવંજ કરીમી શોપીંગ સેન્ટર સામે જાહેર રોડ ઉપર પોતાની ફ્રુટ ભરેલ હાથલારી મુકી આવતા જતા રાહદારીઓ તેમજ ટ્રાફીકને અડચણ થાય તે રીતે ભય તથા અવરોધ ઉભો કરી મળી આવી ઈ.પી.કો.કલમ–૨૮૩ તથા જી.પી.એકટ કલમ–૧૦૨,૧૧૭ મુજબનો શિક્ષાપાત્ર ગુનો કરેલ હોવાનો આરોપ છે.

(૨) આરોપીને સમન્સ કરતાં આરોપી તેમના વિ.વ.શ્રી મારફતે અદાલત સમક્ષ હાજર રહેતાં તેઓને પોલીસ તપાસના કાગળોની નકલો આપ્યા બાદ આરોપીની પ્લી જવાબ આરોપીએ તેઓની સામેના ગુનાનો ઈન્કાર કરતા સદર કેસની ઈન્સાફી કાર્યવાહી આગળ ચલાવવામાં આવેલી.

(૩) સદર કામે ફરિયાદ પક્ષ તરફે નીચે મુજબના દસ્તાવેજી તેમજ મૌખિક પુરાવાઓ નોંધાયેલ છે.

આંક–૪થી પંચ સા.વિષ્ણુભાઈ જયંતિભાઈની જુબાની.

આંક–૫થી ગુનાવાળી જગ્યાનું પંચનામું.

આંક–૬ થી પંચ સા. દેવેન્દ્રભાઈ ભીખાભાઈની જુબાની.

આંક–૭ થી શનાભાઈ નારણભાઈની જુબાની.

આંક–૮ થી ફરીયાદ.

(૫) ત્યારબાદ આરોપીનું ક્રિ.પ્રો.કોડની કલમ–૩૧૩ અન્વયે વિશેષ નિવેદન નોંધવામાં આવેલ છે. ત્યારબાદ, સદર કામે પક્ષકારો તરફે દલીલો સાંભળી.

(૬) ઉપરોકત હકિકતના આધારે આ કેસના નિર્ણય સારુ મારી સમક્ષ નીચે મુજબના મુદા ઉપસ્થિત થાય છે.

૧. શું ફરી.પક્ષ નિઃશંકપણે પુરવાર કરે છે કે, આરોપીએ આરોપીએ તા.૩૦/૦૯/૧૭ના રોજ ૧૮/૧૫ કલાકે કપડવંજ કરીમી શોપીંગ સેન્ટર સામે જાહેર રોડ ઉપર પોતાની ફ્રુટ ભરેલ હાથલારી મુકી આવતા જતા રાહદારીઓ તેમજ ટ્રાફીકને અડચણ થાય તે રીતે ભય તથા અવરોધ ઉભો કરી મળી આવી ઈ.પી.કો.કલમ–૨૮૩ તથા જી.પી.એકટ કલમ–૧૦૨,૧૧૭ મુજબનો શિક્ષાપાત્ર ગુનો કરેલ છે?

૨. શું હુકમ ?

(૭) ઉપરોકત મુદાના જવાબો નીચે મુજબ આપેલા છે.

૧. નકારમાં.

૨. આખરી હુકમ મુજબ.

(૮) ઉપરોકત મુદાના જવાબો માટેના કારણો નીચે મુજબ આપેલા છે.

<u>મુદા નં.૧</u>

(૯) આંક–૪થી પંચ સાહેદ કવિષ્ણુભાઈ જયંતિભાઈને તથા આંક–૬થી પંચ સા.દેવેન્દ્રભાઈ ભીખાભાઈને તપાસેલ છે તેઓ તેમની જુબાનીમાં

જણાવે છે કે તેમની પોલીસે તેમની તૈયાર પંચનામાં સહી લીધેલી પંચનામું કઈ બાબતનુ હતુ તે ખબર નથી.પંચનામુ બતાવતા તેમની સહી ઓળખી બતાવે છે જે આંક–પથી રજુ છે.આમ સદર સાહેદ પંચનામાની હકીકતને સમર્થન કરતા ન હોઈ તેમને ફરી ગયેલ જાહેર કરી વિ.એપીપીશ્રીએ ઉલટતપાસ કરેલ છે પણ કોઈ ફળદાયી હકીકત કઢાવી શકેલ નથી.

(૧૦) આંક–૭થી ફરીયાદી શનાભાઈ નારણભાઈ તેમની સોગંદ ઉપરની જુબાનીમાં જણાવે છે કે તા.૩૦/૦૯/૧૭ ના રોજ તેઓ તથા બીજા પોલીસના માણસો સાથે પોલીસ ઈન્સ્પેકટરની સુચના મુજબ ટ્રફીક નિયમન અને વધતા જતા અકસ્માતો તથા વેપારીઓ ધ્વારા જાહેર રસ્તા ઉપર પોતાનો સરસામાન મુકી અડચણ રૂપ ઉભી કરવા બાબતે થયેલ રજુઆતો અન્વયે ટ્રફીક નિયમન માટે પગે ચાલતાં નિકળેલા અને બસ સ્ટેન્ડ આગળ આવી આરોપી મહંમદમીયાં નિઝામુમીયાં મલેક કપડવંજ બસ સ્ટેન્ડ પાસે પોતાની ફુટની લારી વાળો એકભાઈ પોતાની લારી આવતા જતાં રાહદારીઓને ભય અડચણ થાય તમજ ટ્રાફીકને અડચણ થાય તે જાહેર રસ્તા ઉપર ઉભી રાખી અવરોધ ઉભો કરેલો તેથી પંચો બોલાવી પંચો રૂબરૂ આરોપીનું નામ ઠામ પુછતાં પોતાનું નામ મહંમદમીયાં નિઝામુમીયાં મલેક રહે.કપડવંજ હોવાનું જણાવેલ તેનુ પંચનામુ કરી આરોપી સામે ફરીયાદ આપેલી તેમાં તેમની સહી છે જે આંક–૮ તેમને તપાસ મળતા આરોપી સામે પુરાવો જણાતા હાલનું ચાર્જસીટ કરેલ છે. તેઓ આરોપીને ઓળખી

બતાવે છે. તેઓ આરોપીને ઓળખી બતાવે છે. તેઓ ઉલટતપાસમાં જણાવે છે કે બનાવવાળો વિસ્તાર વસ્તીવાળો વિસ્તાર હોવાથી ત્યાં ઘણા લોકોની તથા વાહનોની અવરજવર વાળો વિસ્તાર છે. તેઓએ આ કામે કોઈ સ્વતંત્ર સાહેદોના નીવેદન લીધેલ નથી. બાદ અન્ય હકીકતનો ઈન્કાર કરેલ છે.

(૧) આમ ઉપરોકત રેકર્ડ ઉપરનો પુરાવો ધ્યાને લેતાં પંચ સાહેદને ફરી ગયેલ જાહેર કરેલ છે અને કોઈ સ્વતંત્ર સાહેદોના નીવેદન લીધેલ નથી. અને જે પોલીસ સાહેદ તપાસેલ છે તે રસ ધરાવતા સાહેદ છે. આ કામના ફરીયાદી એજ તપાસ કરનાર અમલદાર છે. તેઓએ પોતાની ફરીયાદીને અનુરૂપ તપાસ કરેલ હોય તે સ્વાભાવિક છે. તેઓ ફરીયાદ પક્ષના કેસને સફળ બનાવવા ફરીયાદને અનુરૂપ જુબાની આપે તે સ્વાભાવિક છે ત્યારે માત્ર પોલીસ સાહેદોની જુબાની ઉપર આધાર રાખી આરોપીને સજા કરી શકાય નહી. ખાસ કરીને ટ્રાફીક ડ્રાઈવ હતી અને સદર ગુન્હો નોધાયેલ છે તે હકીકત પણ નોધનીય છે. જેથી ફરીયાદપક્ષ સ્વતંત્ર સાહેદોની જુબાનીથી તેમનો કેસ સાબિત કરવામાં નિષ્ફળ રહેલ છે તેમ માનવું ન્યાયોચિત જણાય છે જેથી મુદ્દાનં.૧ જવાબ નકારમાં આપી મુદ્દાનં.૨ પરત્વે નીચે મુજબનો હુકમ કરવામાં આવે છે.

**–: હુ ક મ :–**

આ કામના આરોપીને ક્રિ.પ્રો.કોડની કલમ–૨૫૫(૧) અન્વયે ઈ.પી.કો.કલમ–૨૮૩ તથા જી.પી.એકટ કલમ–૧૦૨,૧૧૭ મુજબના ગુનામાંથી છોડી મુકવાનો હુકમ કરવામાં આવે છે.

આરોપીએ સીઆરપીસી કલમ–૪૩૭(એ)મુજબ રૂા.૭૦૦૦/–ના જામીન આપવા.

હુકમ આજરોજ તા.૨૦મી, માહે–ફેબ્રુઆરી,સને ૨૦૧૮ ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી જાહેર કર્યો.

તા.૨૦ /૦૨/૧૮.

(જે.એમ.ચૌહાણ.)

(કુ.શબાના અબ્દુલકાદર મન્સુરી)

એડીશનલ જયુડી.મેજી.ફ.ક.

કપડવંજ.

જી.જે. ૦૧૦૨૪.